Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014

Continuous Issue-18 | May – June 2018

# શૈક્ષણિકપાઠોના આયોજનની ગુણવત્તા માટે સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની રચના અને અજમાયશ

**ટૂંકસાર**

શિક્ષક પ્રશિક્ષણમાં શૈક્ષણિકપાઠ અનિવાર્ય ઘટક છે. શૈક્ષણિક પાઠ અંતર્ગત માઈક્રોપાઠ, છુટાપાઠ, સેતુપાઠ અને એકમપાઠ સ્વરૂપે તાલીમાર્થીઓ પાઠ આપે છે. આ પાઠની પૂર્વતૈયારી માટે દરેક તાલીમાર્થી પાઠઆયોજન કરી અધ્યાપકનું માર્ગદર્શન મેળવે છે. અધ્યાપક જરૂરી લાગે ત્યાં સૂચનો કરી સુધારો કરાવે તો ક્યારેક પુનઃ આયોજન પણ કરાવે છે. સામાન્યતઃ આ પ્રક્રિયા અધ્યાપક અને તાલીમાર્થી એમ ઉભય પક્ષે મહત્વની હોવા છતાં ઘણીવાર ત્રુટિ રહી જાય એવું બને. જે અપાતાં પાઠ અને તાલીમની ગુણવત્તા પર સીધી અસર કરે છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને પ્રસ્તુત અભ્યાસમાં પાઠઆયોજનમાં જોવા મળતી ત્રુટીઓનું અધ્યયન કરી તેને નિવારવા માટેનો સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ રચીને અજમાયશ કરવામાં આવી હતી. અભ્યાસમાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજના ૫૦ તાલીમાર્થીઓને સ્તરીકૃત યાદાશ્ચ્યેક રીતે નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેઓ દ્વારા તૈયાર થયેલ પ્રથમ પાઠઆયોજનનો માહિતીના પ્રાથમિક સ્ત્રોત તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી પ્રાપ્તિના ઉપકરણ તરીકે ઓળખયાદી(Checklist)નો ઉપયોગ કર્યો હતો. ઓળખયાદીની મદદથી પ્રથમતો એક પાઠઆયોજન ચકાસી પાઠઆયોજનમાં થતી ભૂલોની સંખ્યા જાણી હતી. ત્યારબાદ પાઠઆયોજન માટે બનાવેલ ‘પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ’ આપી પુનઃ પાઠઆયોજન કરાવ્યા હતા. ત્યારબાદ ઓળખયાદી(Checklist) વડે પાઠઆયોજનમાં રહેલી ભૂલો ચકાસવામાં આવી હતી. અભ્યાસના અંતે એવું સ્પષ્ટ થયું કે પાઠઆયોજન માટે તૈયાર કરેલ પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમનો ઉપયોગ કરવાથી પાઠ આયોજનમાં થતી ભૂલો ઘટે છે. જે આ કાર્યક્રમની અસરકારકતા સૂચવે છે. આમ, પાઠઆયોજનની ગુણવત્તા માટે મદદરૂપ બની શકે છે.

**ચાવીરૂપ શબ્દો:** પાઠઆયોજન, સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ

## પ્રસ્તાવના

શિક્ષકની તાલીમમાં શૈક્ષણિકપાઠનું આગવું મહત્વ છે. શિક્ષક બનવા માટે શાળાકીય અનુભવોમાં શૈક્ષણિકપાઠ અનિવાર્ય છે. શૈક્ષણિક પાઠ અંતર્ગત માઈક્રોપાઠ, છુટાપાઠ, સેતુપાઠ અને એકમપાઠ સ્વરૂપે તાલીમાર્થીઓ પાઠ આપે છે. વર્તમાન સમયમાં તાલીમના વ્યવહારું પાસાં પર નજર કરીએ તો પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ, સેમેસ્ટર વ્યવસ્થા, તાલીમાર્થીઓની માનસિકતા જેવી બાબતો મુખ્ય છે. આ ઉપરાંત પાઠની ગુણવત્તા માટે પાઠઆયોજન અને તે સંદર્ભે પ્રાપ્ત થતું માર્ગદર્શન પણ મહત્વનું છે. Bossing એ આપેલ વ્યાખ્યા મુજબ- “ Lesson Plan is the name given to a statement of the things a teacher proposes to do during the period he spends with class”

રાવલ(૨૦૦૩)માં હાથ ધરેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે હતું કે- 'તાલીમાર્થીઓને પાઠઆયોજન કરવામાં કંટાળો આવે છે.' આ ઉપરાંત કેટલાક 'અધ્યાપકો પાઠઆયોજન નોંધ વારંવાર લખાવે છે.' વર્તમાન સમયમાં ખાસ કરીને સ્વનિર્ભર કૉલેજોમાં તાલીમાર્થીઓની સંખ્યા અસમતોલ રહે છે, ત્યારે વધુ સંખ્યાનો પ્રશ્ન સર્જાય છે. આ બાબતની સીધી અસર અધ્યાપક દ્વારા અપાતાં પાઠ માર્ગદર્શન પર થાય છે.

શિક્ષક પ્રશિક્ષક તરીકે તાલીમાર્થીઓના પાઠ નિરીક્ષણ દરમ્યાન ખામીયુક્ત પાઠઆયોજન પણ મંજૂર થયેલા માલુમ પડ્યા હતા. આવા સંજોગોમાં પાઠઆયોજન માટે નક્કર માર્ગદર્શનની આવશ્યકતા ઊભી થાય છે. જે અધ્યાપકના જ્ઞાન, સમયનો અભાવ, પદ્ધતિઓની વાડાબંધીથી અલિપ્ત રહી પાયાની બાબતોમાં સ્પષ્ટતા કરે. આ માટે ક્રમબદ્ધ કામગીરીનું આયોજન આવશ્યક બને છે. પ્રથમતો તાલીમાર્થીઓ દ્વારા થતા પાઠઆયોજનમાં રહી જતી ખામીઓ જાણવી. બીજું પાઠઆયોજનને ભૂલ રહિત અને અસરકારક બનાવવા શું કરી શકાય? તેનું લેખિત માર્ગદર્શન તૈયાર કરવું અને ત્રીજું પાઠ અંગે તૈયાર કરેલ સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ તાલીમાર્થીઓને આપી પાઠ આયોજન તૈયાર કરાવવું. અને અંતે કેટલી ભૂલો રહે છે? તે જોઈ સ્વ-માર્ગદર્શન કાર્યક્રમના ઉપયોગ બાદ પાઠ આયોજનમાં થતી ભૂલો કેટલી ઘટે છે? તે જાણી તેની અસરકારકતા અંગે સ્પષ્ટ થવા નીચેના શીર્ષક હેઠળ અભ્યાસ હાથ ધર્યો.

**હેતુઓ**

**પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સહ હાથ ધરવામાં આવ્યો હતો.**

૧. શૈક્ષણિકપાઠના આયોજનમાં રહી જતી ખામીઓ જાણવી.

૨. શૈક્ષણિકપાઠના આયોજનમાં જોવા મળતી ખામીઓ સંદર્ભે સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની રચના કરવી.

૩. શૈક્ષણિકપાઠના આયોજન માટેના સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની અસરકારકતા જાણવી.

**પ્રશ્નો**

**પ્રસ્તુત અભ્યાસમાં નીચેના પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવામાં આવશે.**

૧. શૈક્ષણિકપાઠના આયોજનમાં કઈ કઈ ખામીઓ રહી જાય છે?

૨. શૈક્ષણિકપાઠના આયોજનમાં જોવા મળતી ખામીઓ દૂર કરવાનું આદર્શ માર્ગદર્શન કયું હોઈ શકે?

૩. શૈક્ષણિકપાઠના આયોજન સંદર્ભે તૈયાર થયેલ સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ અસરકારક છે?

**સીમાંકન**

**પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબનું સીમાંકન કરવામાં આવ્યું હતું.**

૧. પ્રસ્તુત અધ્યયન શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ, પાંડેસરા-સુરત પૂરતો મર્યાદિત હતો.

૨. શૈક્ષણિક પાઠઆયોજન અંતર્ગત માત્ર છુટાપાઠ સંદર્ભે જ અભ્યાસ હાથ ધરાયો હતો.

૩. માહિતી પ્રાપ્તિના પ્રાથમિક સ્ત્રોત તરીકે તાલીમાર્થીઓની પાઠઆયોજન નોંધપોથીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૪. માહિતી પ્રાપ્તિના ઉપકરણ તરીકે ઓળખયાદી(checklist)નો ઉપયોગ કર્યો હતો.

૫. પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની રચના માટે વિવિધ પદ્ધતિઓના મળી માત્ર ૫૦ પાઠ આયોજનનો જ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

૬. સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ અસરકારક છે કે કેમ તે બાબતે સ્પષ્ટ થવા માટે ઓળખયાદી દ્વારા નોંધેલી ભૂલો (પૂર્વે-પછી) ની સંખ્યાનો જ આધાર લેવામાં આવ્યો હતો.

**વ્યાપ વિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ. કૉલેજોમાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપ વિશ્વ હતું. તે પૈકી શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ, પાંડેસરાના  કુલ ૧૦૦ તાલીમાર્થીઓમાંથી દરેક પદ્ધતિના તાલીમાર્થીને પ્રતિનિધિત્વ મળે તે રીતે સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની રીતે ૫૦ તાલીમાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં મુખ્ય ઉપકરણ ઓળખયાદી(Checklist)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પાઠઆયોજનની ભૂલો ચકાસવા માટેની ઓળખયાદી જાતે તૈયાર કરવામાં આવી હતી. ઓળખયાદીની રચના માટે તાલીમાર્થીઓ દ્વારા પાઠઆયોજનમાં થતી ભૂલો બાબતે સ્વાનુભવ, અન્ય અધ્યાપકોના અનુભવોની જાણકારી મેળવી હતી. તેમજ પસંદ કરેલ તાલીમાર્થીઓની પાઠઆયોજન નોંધપોથીનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં જોવા મળેલ ભૂલો નોંધીને એક સર્વગ્રાહી ઓળખયાદી તૈયાર કરી હતી. જેમાં કુલ ૫૦ બિંદુઓને આવરી લેવાયા હતા.

ઓળખયાદીમાં સમાવેલ બિંદુઓમાં પાઠની સામાન્ય બાબતો, હેતુઓ, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, શૈક્ષણિક ઉપકરણો, સંદર્ભો, પાઠનો ક્રમ, ઈન્ટરનેટનો ઉપયોગ, વિષય પ્રવેશ, વિદ્યાર્થીઓ અને શિક્ષકની પ્રવૃત્તિઓ, આવશ્યક સૂચનાઓ, વર્તન પરિવર્તન, વિશિસ્ટ હેતુઓ, સાધનોની પ્રતિકૃતિઓ, ઉદાહરણો, કવોટેશન, શાબ્દિક અને અશાબ્દિક ઉદાહરણ, પ્રશ્નો, પ્રશ્ન ક્રમ, રજૂઆત, મૂલ્યાંકન કસોટી, પ્રશ્ન રચના, પ્રશ્ન સ્વરૂપ, ફલકકાર્ય અને સ્વાધ્યાય જેવા અને તેને લગતાં પેટાબિંદુઓ સમાવ્યા હતા. આ પેટાબિંદુઓમાં જેની સંકલ્પના સ્પષ્ટ કરવી આવશ્યક જણાઈ હતી ત્યાં તેનું આલેખન કરવામાં આવ્યું હતું.

**તાલીમાર્થીએ પાઠઆયોજન ચકાસતાં જઈ ઓળખયાદીમાં હા/ના એ રીતે નોંધ કરવાની હતી.**

ઓળખયાદીનો બે તબક્કે ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કે તાલીમાર્થીઓના પ્રથમ પાઠઆયોજનમાં થતી ભૂલો જાણવા. અને બીજા તબક્કે સ્વ-માર્ગદર્શન કાર્યક્રમના ઉપયોગ બાદ પાઠઆયોજનમાં રહેલી ભૂલો ચકાસવા.

ઓળખયાદીના આધારે જાણવા મળેલ ભૂલોને દૂર કરવા સૈધાંતિક અને વ્યવહારું ઉકેલ શા હોઈ શકે? તેનું ચિંતન, ચર્ચા કરીને સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ તૈયાર કર્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

અધ્યેતાએ પસંદ કરેલ તાલીમાર્થીઓ પાસેથી તેમણે કરેલા પ્રથમ પાઠઆયોજન મેળવી તેનું સુક્ષ્મ અધ્યયન કરવામાં આવ્યું હતું. અભ્યાસ દરમ્યાન ઓળખયાદીની મદદથી પાઠઆયોજનમાં જરૂરી વિગતો ચકાસી રહી ગયેલી ભૂલોનો સ્કોર નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ તૈયાર કરેલ પાઠ આયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ આપી તદ્દઅનુસાર પાઠઆયોજન કરવા જણાવ્યું હતું.

બીજા તબક્કે પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમના આધારે તૈયાર થયેલ પાઠઆયોજન ચકાસી રહી ગયેલી ભૂલોનો સ્કોર નોંધવામાં આવ્યો હતો.

આમ, પ્રથમ તબક્કે પાઠઆયોજન વેળાએ થયેલ ભૂલોનો સ્કોર અને બીજા તબક્કે (પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમના ઉપયોગ બાદ) થયેલા પાઠઆયોજનમાં રહી ગયેલી ભૂલોનો સ્કોર નોંધવામાં આવ્યો હતો.

માહિતી વિશ્લેષણની રીત

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું ગુણાત્મક અને સંખ્યાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પ્રથમ પાઠઆયોજનના વિશદ અને સુક્ષ્મ અવલોકનના આધારે થતી ભૂલોનું ગુણાત્મક વિશ્લેષણ કરી ઓળખયાદીની રચના કરવામાં આવી હતી.

કુલ બે તબક્કે પાઠઆયોજનમાં જોવા મળતી ભૂલો જાણી તેનો સ્કોર નોંધવામાં આવ્યો હતો. પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમના અમલ બાદ થયેલ ભૂલોની સંખ્યા જાણી પ્રથમ પાઠઆયોજન વેળાએ થયેલ ભૂલોની સંખ્યા સાથે સરખાવી અસરકારકતા જાણવામાં આવી હતી.

**અભ્યાસના તારણો**

પ્રાપ્ત માહિતીના વિશ્લેષણના આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- ❖ પાઠઆયોજન નોંધપોથીના અવલોકન દરમ્યાન પાઠઆયોજનમાં જોવા મળેલ મુખ્ય ભૂલો નીચે દર્શાવ્યા મુજબ હતી.

સામાન્ય હેતુના લેખનમાં ભૂલ, પદ્ધતિ અને પ્રયુક્તિ અંગે અસ્પષ્ટતા, શૈક્ષણિક ઉપકરણ યોગ્ય રીતે ન નોધ્યા હોય, વેબસાઈટ પર સંદર્ભ ન જોયા હોય તેમજ ઉપયોગ ન કર્યો હોય, યોગ્ય રીતે સંદર્ભ નોધ્યા ન હોય, વિષય પ્રવેશ તબક્કે હેતુ લેખનમાં ભૂલ, પ્રવૃત્તિઓ યોગ્ય રીતે ન નોંધી હોય, વિશિસ્ટ હેતુ લેખનમાં ભૂલ, નવા દરેક મુદ્દામાં હેતુ ન લખ્યા હોય, વર્તન પરિવર્તન અંગે અસ્પષ્ટ, પ્રશ્ન ક્રમ, યોગ્ય સ્થાને રજૂઆત, શૈક્ષણિક ઉપકરણોની પસંદગી, શાબ્દિક અને અશાબ્દિક ઉદાહરણ વિષે અસ્પષ્ટ, લખ્યા જ ન હોય, શૈક્ષણિક ઉપકરણની પ્રતિકૃતિ ન મૂકી હોય, કોઈ વિદ્વાનનું કવોટેશન ન દર્શાવ્યું હોય, ભાષા દોષ, મૂલ્યાંકન કસોટી રચના, લેખન, ફલક કાર્ય પાઠને અનુરૂપ ન હોય, માત્ર લેખન સંબંધી જ સ્વાધ્યાય આપ્યું હોય.

- ❖ પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ ઓળખયાદીમાં જે-જે બાબતો ભૂલ તરીકે ધ્યાન પર આવેલી તે દરેકને આવરી લેતા એક આદર્શ પાઠઆયોજન કેવું હોય તેની વિગતવાર, સોપાનસહ સમજૂતી દર્શાવતો હતો. જેને લીધે ઉપયોગ કરનાર પાઠઆયોજનના દરેક તબક્કે સ્પષ્ટ થતાં આયોજન સંબંધી થતી ભૂલો દૂર થતી હતી.
- ❖ પ્રથમ પાઠઆયોજનમાં થતી ભૂલોની સંખ્યાના પ્રમાણમાં પાઠ આયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની મદદથી કરેલ પાઠઆયોજનમાં થતી ભૂલોનું પ્રમાણ નહીવત હતું. આ બાબત પરથી કહી શકાય કે કાર્યક્રમના ઉપયોગથી પાઠઆયોજનની અસરકારકતા વધે છે.

**શૈક્ષણિક સુચિતાર્થ:**

- ➢ પાઠઆયોજનમાં થતી ભૂલોની યાદી ઓળખયાદી(Checklist) અધ્યાપકો અને તાલીમાર્થીઓને આપવામાં આવે તો કાર્ય સભાનતા અને ચોકસાઈ વધે.
- ➢ પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ દરેક પદ્ધતિમાં પણ લાગુ કરી પાઠઆયોજન કાર્યને ભૂલ રહિત અને અર્થપૂર્ણ બનાવી શકાય.

- **વખતો-વખત ધ્યાને આવતી ભૂલો કે નવી બાબતો ઉમેરતા રહી કાર્યક્રમની અસરકારકતા વધારી શકાય.**

પાઠઆયોજનની ગુણવત્તા પર પાઠની અસરકારકતા નિર્ભર કરે છે. આ કાર્યમાં તાલીમાર્થી અને અધ્યાપક બંનેની સક્રિય ભૂમિકા અપેક્ષિત હોવાથી આ કામગીરીમાં વિશ્લેષણ અને ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેતો સારા પરિણામો મળી શકે. આ માટે ભૂલોની ઓળખયાદી અને સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ જેવા શૈક્ષણિક સાધનો સમગ્ર પ્રક્રિયા માટે ઉપકારક બનવાની શક્યતા ધરાવે છે. તે બાબત આ અભ્યાસની નીપજ છે.

## સંદર્ભસૂચિ


I. દેસાઈ, કે. જી. અને શાહ, જે.એચ.(૨૦૦૦). 'સંશોધન અને પદ્ધતિઓ' અમદાવાદ:યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

II. દેસાઈ, કે., શાહ, જે. એચ. અને શાહ, આર. પી., (૧૯૮૪).'શૈક્ષણિક પરિભાષા અને વિભાવના', અમદાવાદ:યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

III. શાહ, ડી. બી. (૨૦૦૯). 'શૈક્ષણિક સંશોધન(દિશાદર્શન)' અમદાવાદ:પ્રમુખ પ્રકાશન.

IV. રાવલ બી.આઈ.(૨૦૦૩). 'દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને બી.એડ.ની તાલીમ અંતર્ગત નડતી સમસ્યાઓનો અભ્યાસ.' અપ્રકાશિત લઘુશોધ નિબંધ. દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત.


***************************************************************************************


ડૉ.ભાવેશ આઈ. રાવલ

આચાર્ય

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ

પાંડેસરા

સુરત


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat